# :: સામાન્ય માહિતી, પ્રક્રિયા, શરતો તથા નિયમો ::

વિભાસ ટ્રસ્ટ, દેવગઢ બારીઆ સંચાલીત મહારાણી પ્રેમકુમારી કોલેજ, મહારાણી પ્રેમકુમારી કોલેજ ઓફ સોશીયલ સાયન્સીઝ, દેવગઢ બારીઆ તેમજ મહારાણી પ્રેમકુમારી કોલેજ ઓફ રુરલ સાયન્સીઝ, દેવગઢ બારીઆ અને ઓચ્છવલાલ માયાચંદદાસ સાયન્સ કોલેજ, દેવગઢ બારીઆ દવારા આ સાથેની જાહેરાત મુજબ ખાલી પડેલ વિવિધ જગ્યાઓ માટે ભરતી કરવા લાયક ઉમેદવારો પાસેથી અરજી મંગાવવામાં આવે છે.

ઉપરોકત તમામ સંસ્થાઓ શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સીટી, ગોધરા સાથે સંલગ્નીત છે.

ઉપરોકત સંસ્થાઓમાં બીએ, બીએસડબ્લ્યુ, એમએસડબ્લ્યુ, બીઆરએસ, એમઆરએસ તથા બીએસસી ના કોર્ષ ચાલે છે. આ ઉપરાંત સેનેટરી ઈન્સ્પેકટર તથા ફાયર ડીપ્લોમાના કોર્ષ ચલાવવામાં આવે છે. તમામ કોર્ષ ગુજરાતી માધ્યમમાં ચલાવવામાં આવે છે.

તમામ વિષયના કોર્ષ તથા સીલેબસની માહિતી યુનિવર્સીટીની વેબ સાઈટ ઉપર ઉપલબ્ધ છે.

હાલમાં, ઉપરોકત સંસ્થાઓમાં વર્ષ ૨૦૨૪–૨૫માં જે જગ્યાઓ ખાલી છે, તથા ચાલુ શૈક્ષણીક વર્ષમાં ખાલી પડવાની છે, તેની પસંદગી તથા પ્રતીક્ષા યાદીની પસંદગી આ પ્રક્રિયા દવારા કરવામાં આવનાર છે. હાલમાં, ખાલી પડેલ જગ્યાઓની વિગત નીચે મુજબ છે.

| | | |
|---|---|---|
| આચાર્ય – સોશીયલ વર્ક | ૧ | એમએસડબ્લ્યુ, પીએચડી અથવા સમકક્ષ તથા ૧૫ વર્ષનો શૈક્ષણીક કાર્યનો અનુભવ |
| આચાર્ય – રુરલ સાયન્સ | ૧ | એમઆરએસ, પીએચડી અથવા સમકક્ષ તથા ૧૫ વર્ષનો શૈક્ષણીક કાર્યનો અનુભવ |
| આચાર્ય – સાયન્સ | ૧ | એમએસસી, પીએચડી અથવા સમકક્ષ તથા ૧૫ વર્ષનો શૈક્ષણીક કાર્યનો અનુભવ |
| આચાર્ય – આર્ટસ | ૧ | એમએ, પીએચડી અથવા સમકક્ષ તથા ૧૫ વર્ષનો શૈક્ષણીક કાર્યનો અનુભવ |
| આસી. પ્રોફ. – સોશીયલ વર્ક | ૧૨ | એમએસડબ્લ્યુ અથવા સમકક્ષ |
| આસી. પ્રોફ. – રુરલ સાયન્સ | ૧૨ | એમઆરએસ/એમબીએ/એમએસસી/એમઆરએમ/એમએસડબ્લ્યુ અથવા સમકક્ષ (વિષયોઃ એગ્રોનોમી, હોટ્રીકલ્ચર, ડેરી/પશુપાલન, વિસ્તરણ) |
| આસી. પ્રોફ. – સાયન્સ | ૫ | એમએસસી અથવા સમકક્ષ (વિષયોઃ કેમેસ્ટ્રી, ફીઝીકસ, બોટની, ઝુઓલોજી, મેથેમેટીકસ) |
| આસી. પ્રોફ. – આર્ટસ | ૬ | એમએ અથવા સમકક્ષ (વિષયોઃ સમાજશાસ્ત્ર, ઈતિહાસ, મનોવિજ્ઞાન, ગુજરાતી, અંગ્રેજી, સંસ્કૃત) |
| આસી. પ્રોફ. – સેનેટરી ઈન્સ્પેટર | ૨ | ડીપ્લોમા સેનેટરી ઈન્સ્પેકટર/બીએસસી/આઈટીઆઈ–સેનેટરી અથવા સમકક્ષ |
| આસી. પ્રોફ. – ફાયર ટેકનોલોજી | ૨ | ડીપ્લોમા ફાયર ટેકનોલોજી/બીએસસી/આઈટીઆઈ– ફાયર અથવા સમકક્ષ |
| લાઈબ્રેરીયન | ૧ | એમએલઆઈએસ અથવા સમકક્ષ |
| પીટીઆઈ | ૧ | એમપીએડ/એમપીઈ અથવા સમકક્ષ |

**વિગતવાર લાયકાત તથા અનુભવની વિગત નીચે મુજબ રહેશે.**

- ઉમેદવારે લાયક થવા માટે જે તે વિષયમાં અનુસ્નાતક/પોસ્ટ ગ્રેજયુએટ કક્ષાએ લઘુતમ ૫૫% તથા સ્નાતક/ગ્રેજયુએટ કક્ષાએ લઘુતમ ૫૨.૫% ગુણ મેળવેલ હોવા જોઈએ. તદઉપરાંત, સામાન્ય રીતે ઉમેદવાર પ્રભાવી શૈક્ષણીક કારકિર્દી ધરાવતો હોવો જોઈએ.
- નેટ/સ્લેટ/પીએચડી થયેલ ઉમેદવારો ને પ્રાધાન્ય આપવામાં આવશે. જો આવા ઉમેદવાર ઉપલબ્ધ નહી થાય તો લાયકાત ધરાવનાર અન્ય ઉમેદવારોની ભરતી યુનિવર્સીટીની મંજૂરીની અપેક્ષાએ કરવામાં આવશે.
- એસસી/એસટી અરજદારોને લાયકાતના ગુણમાં ૫%ની છુટ આપવામાં આવશે.
- આ માટે અરજદારે www.vibhastrust.org.in ઉપર જઈ અરજી કરવાની રહેશે. અરજી કરવાની આખરી તારીખ **૫–૬–૨૦૨૪** સુધીની રહેશે. ભરતી પ્રક્રિયાની તમામ કાર્યવાહી ઓનલાઈન ધોરણે કરવામાં આવનાર હોઈ, અરજદારોએ વેબ સાઈટ સમયાતંરે જોતા રહેવા વિનંતી છે.
- અરજી કરવા માટે કોઈપણ જાતની અરજી ફી ભરવાની નથી.
- અરજી કરવા માટે ઈમેઈલ આઈડી તથા મોબાઈલ નંબર હોવા જરુરી છે.

- અરજી માં દર્શાવેલ મોબાઈલ નંબર/ઈમેઈલ ભરતીની પ્રક્રિયા પુરી થાય ત્યા સુધી કાર્યરત રાખવાનો રહેશે.
- પસંદગી સમિતી / ઈન્ટરવ્યુ / રુબરુ મુલાકાત બાબતના અથવા પ્રક્રિયા અંગેની તમામ માહિતી ફકત આ મોબાઈલ નંબર તથા ઈમેઈલ ઉપર જ મોકલવામાં આવશે.
- અરજદાર અલગ અલગ જગ્યા માટે ફોર્મ ભરી શકે છે, પરંતુ એક જ જગ્યા માટે એક થી વધુ ફોર્મ ભરનારના તમામ ફોર્મ રદ કરવામાં આવશે.
- અરજદારે કરેલ અરજીમાં અરજી કન્ફર્મ/સબમીટ થયા બાદ કોઈ ફેરફાર કરી શકાશે નહીં, આથી અરજી યોગ્ય રીતે સંભાળપૂર્વક ભરવા વિનંતી છે.
- અરજી કર્યા બાદ મળેલ ઈમેઈલ તથા અરજીની નકલ સંભાળીને રાખવા વિનંતી છે. જો ઈમેઈલ ન મળેતો સ્પામ ફોલ્ડર ચેક કરવું, તેમ છતાં ઈ મેઈલ ન મળે તો, અરજદારનું નામ તથા અરજી કરેલ જગ્યાના ઉલ્લેખ સહિત devgadhbariacollege@gmail.com ઉપર ઈમેઈલ કરી ફોર્મની નકલ મંગાવી લેવી.
- અરજદારે ઓનલાઈન અરજી કર્યા બાદ અરજી મોકલવાની કે કોઈપણ પ્રમાણપત્રો/સર્ટીફીકેટ મોકલવાની જરુર નથી.
- હાલમાં નોકરી કરતા હોય તેવા ઉમેદવારોએ જે તે સંસ્થાનું ના વાંધા પ્રમાણપત્ર મેળવી રુબરુ મુલાકાતના સમયે રજૂ કરવાનું રહેશે.
- **રુબરુ મુલાકાત સમયે ઈમેઈલમાં મળેલ અરજીફોર્મ ની નકલ, તમામ પ્રમાણપત્રો અસલમાં, ૨ નકલ ફોટોકોપી તથા ૪ નંગ પાસપોર્ટ સાઈઝના ફોટોગ્રાફ સાથે લાવવાના રહેશે.**
- કોઈપણ પ્રકારની ભલામણ કે દબાણ લાવનાર અરજદારની ઉમેદવારી રદ થવાને પાત્ર રહેશે.
- અરજદારોને જાણ કરવામાં આવે છે કે, સદર પ્રક્રિયા તદદન પારદર્શક રીતે અને મેરીટ તેમજ રુબરુ મુલાકાત અને પસંદગી સમિતીના સભ્યશ્રીઓ દવારા કરવામાં આવતી હોઈ, કોઈ પણ પ્રકારના લોભ, લાલચ કે અન્ય પ્રકારની આર્થિક લેવડદેવડ કરવી નહીં. આવી કોઈપણ પ્રવૃત્તિ કરનારની ઉમેદવારી રદ કરવામાં આવશે તથા ટ્રસ્ટ આ માટે કોઈપણ રીતે જવાબદાર રહેશે નહીં.
- તમામ ઉમેદવારો કે જેઓ જરુરી લાયકાત ધરાવે છે તેઓને ઈન્ટરવ્યુ માટે કોલ લેટર મોકલવામાં આવશે.
- આ કોલ લેટર વેબસાઈડ ઉપર તથા રજી. ઈમેઈલ આઈડી તેમજ મોબાઈલ ઉપર મોકલવામાં આવશે.
- જો ઉમેદવાર જરુરી લાયકાત ધરાવતો હશે અને મેરીટ યાદીમાં સમાવિષ્ટ થતો હશે, ફકત તેઓને રુબરુ મુલાકાત માટે કોલ લેટર મોકલવામાં આવશે.
- જો ઉમેદવાર જરુરી લાયકાત નહીં ધરાવતો હોય તો અરજી રદ કરવામાં આવશે.
- જો ઉમેદવારે આપેલ કોઈપણ માહિતી ખોટી હશે અથવા આપેલ માહિતીના સમર્થનમાં ઉમેદવાર પુરાવા રજૂ નહી કરી શકે તો કોલ લેટર રદ થવાને પાત્ર રહેશે.
- કોલ લેટર ફકત ઈન્ટરવ્યુ સમિતી સમક્ષ રુબરુ મુલાકાત માટે જ માન્ય ગણાશે. કોલ લેટર નિમણૂંક પત્ર ગણાશે નહી. માત્ર કોલ લેટર મળ્યેથી નોકરી માટે નિમણૂંક મળશે જ તેવી કોઈ ખાતરી નથી તથા ઉમેદવારનો કોઈ માત્ર કોલ લેટર મળ્યે થી નોકરી ઉપર કોઈ હક દાવો રહેશે નહી.
- રુબરુ મુલાકાત માટે પોતાના ખર્ચે જણાવેલ સ્થળે હાજર થવાનું રહેશે, આ માટે કોઈ ટીએ/ડીએ ચુકવવામાં આવશે નહીં.
- તમામ જગ્યાઓ ભરવી કે ચોકકસ જગ્યાઓ ભરવી કે ખાલી રાખવી તે માટે કોલેજ તથા ટ્રસ્ટનો નિર્ણય આખરી અને બંધનકર્તા રહેશે.
- જાહેરાતમાં કે ખાલી પડેલ જગ્યાઓ/લાયકાત કે અરજી કરવાની મુદત વગેરેના સુધારા વધારા ફકત ઓન લાઈન ટ્રસ્ટની વેબ સાઈડ ઉપર જ કરવામાં આવશે, માટે પ્રક્રિયા પુરી થયા સુધી વેબ સાઈડ જોતા રહેવું.
- વધુ માહિતી માટે નીચે જણાવેલ ફોન નંબર ઉપર સંપર્ક કરી શકાશે.

૯૭૨૭૫૨૯૦૪૬, ૮૩૪૭૧૧૧૦૯૭